# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com



CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/૦૫ તા.૩૧/૦૧/૨૦૨૩


૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૧/ક્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી મગનભાઈ રામજીભાઇ C/O. પ્રેમજીભાઈ ચૌહાણ ગામ – જામનગર

સબડીવીઝન: સેન્ટ્રલ ઝોન

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, ખંભાળિયા જામનગર શહેર-૧

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: બુધવાર (૨૧-૧૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧-૧૨-૨૦૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ પીજીવીસીએલ પક્ષકાર હાજર રહેલ હતા અને અરજદાર પક્ષકાર હાજર રહેલ ન હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, I, the undersigned occupant of the premises above residing with my middle class family as I have been served the bill for the month of Feb-March 2022 for exclusive unbelievable bill for the period of (2) months for 11821 units and thereafter even after several time had in person and in written requested anthem to intervene set right the issue but nothing there outcome from the otherside is materialised. I hereby submit already mentioned as above the documents involved in my grievance plea which I felt required.

There was NO installation checking had been carried out only procedure that was done on my complaint that meter as running fast I had informed that some parts might have burnt as it smelled burning type.
In my the captioned complaint in person and in written the concern office took action of replacing the meter by new one. Sinc they found display was not shouting details etc.

On the same day i.e. on 25-04-2022 I have been called to remain present in the PGVCL Laboratory where I remained present, while detailed inspection of meter seals and internal wiring w checked by PGVCL official, by Laboratory incharge senior technician and sub-divisional officed in presence of me.
The wrapped meter was open before me, where all the relevant seals were in O.K. condition and inspection of seals the were intact and in order.
Whole internal wiring some PCB side found burnt therefore MRI trial as in report was done. According to them MRI naming report they did not get from the meter.
However they had mentioned that meter is repla on my complaint that meter was running fast.
I was informed that:

(1) That meter is burnt

(2) Burnt meter charges will be recovered

(3) Seals are O.K. and no, any tempering is noticed.

(4) I was told while they were taking some MRI report that they will Charge as per rules accordingly as per MRI results.

(5) I am yet not given any such report (MRI) according to them MRI Report is not found by them.

(6) We are of small family of middle class residing at above mentioned Place heaving meager load and we are your esteemed consumer, Having connection load of 405 W

(7) High lighting my previous billing which is produced herewith:

(1) Aug-Sep-2021 457

(2) Oct-Nov-2021 450

(3) Dec-Jan-2021-22 350

And the last bill which is subject matter is as under

(4) Feb-Mar-2022 11821

Thus, we are stucked and as nothing is done on our grievance plea by the PGVCL field office yet and therefore this grievance. You are kindly requested to please give justice to us as no fault of us and ask direct of the PGVCL authority not to disconnect our human need essential services of electricity in any case, till your honour hear us.
આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગ્રાહકશ્રીની વિજ બીલ બાબતની રજુઆત કે અન્વયે સબંધિત પેટા વિભાગીય કચેરી પાસેથી મેળવેલ વિગત અને માહિતી નીચે મુજબ છે.

(૧) અરજદાર/ ગ્રાહક નુ નામ- મગન રામજી યુઝર & ઓક્યુપાયર પ્રેમજીભાઇ એમ. ચૌહાણ (ગ્રાહક નંબર ૩૨૧૦૪/૦૬૫૪૩/૭)

(૨) કોન્ટ્રાક્ટ લોડ :-૧.૦૦ કી,વો. કનેક્શન તા. ૦૪-૦૩-૨૦૦૯

(૩) તા. ૧૮-૦૪-૨૦૨૨ ના રોજ માહે ફેબુ-માર્ચ ૨૨ ના બીલીંગ સમયે (મીટર નંબર 174363) થી 30596 થી 42797 રીડીંગ નું વપરાશ મુજબનું ગ્રાહક શ્રી ને 11841 યુનિટ નું રૂ. 99937.73 નું વીજ બીલ આપવામાં આવેલ. જેનો ફોટોગ્રાફ્સ પણ મીટર રીડરે લીધેલ છે આમ મીટર સામાન્ય સ્થિતિ માં હતું.

(૪) ગ્રાહક શ્રી એ તા. ૧૮-૦૪-૨૦૨૨ ના રોજ ફેબ્રુ-માર્ચ-૨૨ ના બીલ બાબતે અત્રેની કચેરી ને મીટર બદલી આપવાની અરજી આપેલ ઇનવર્ડ નંબર ૩૨૩/૨૧-૦૪-૨૦૨૨.

(૫) ગ્રાહક શ્રી નું મીટર તા. ૨૫-૦૪-૨૦૨૨ ના રોજ પ્રફોમા ૧૫ નંબર ૮૮૦૩ થી બદલી આપવા માં આવેલ અને તેજ દીવસે ગ્રાહક શ્રી ના આગ્રહ થી લેબ માં લેબરોજકામ નંબર ૪૫૮૦ થી કરેલ.

(૬) મીટર ને લેબ માં તપાસતા મીટર ની આંતરીક વાયરીંગ PC B બળેલ સ્થિતિમાં જોવા મળેલ આમ મીટર બળેલ હોય મીટર નો MRI રીપોર્ટ નીકળી શકેલ નથી.

(૭) ગ્રાહક શ્રી એ. ઇનવર્ડ નંબર 970/24-06-2022 ના રોજ ગ્રાહક નિવારણ ફોરમ જુનાગઢ સમક્ષ ફેબ્રુ માર્ચ 2022 નું વીજબીલ રદ કરવાની અરજી કરેલ.

(૮) તા. ૨૫-૦૮-૨૦૨૨ ના પત્ર થી અરજદારશ્રી ને રજૂઆત સાંભળવા માટે સેન્ટ્રલ ઝોન પેટા વિભાગીય કચેરી એ હાજર રહેવા જણાવેલ.

(૯) તા. ૨૯-૦૮-૨૦૧૨ ના રોજ ગ્રાહક શ્રી હાજર રહેલ અને તેમની અગાઉ ની અરજી યથાવત રાખેલ છે.

(૧૦) ગ્રાહક ની લેજર કોપી (૧૪૫ પીઆર ટી) આ સાથે સામેલ છે.

વિશેષ માં ગ્રાહક શ્રી ની રજૂઆત ના અમુક મુદ્દા ઓ નીચે જણાવ્યા મુજબ ના છે. “મારૂ રેગ્યુલર ભરણું હું ભરપાઈ કરું જ છું પરંતુ અચાનક મોટું બીલ આવેલ છે જે આધાર પુરાવા વગર નું છે તો બીલ બાબતે મને ન્યાય આપવો.

3.૧ મીટર અરજી નાઆધારે બદલાવેલ છે નવા મીટર ના બીલ હું ભરું છું લેબ રીપોર્ટ ના અનુસંધાને આગળ ની કાર્યવાહી કરવી. લેબ રીપોર્ટ મુજબ મીટર કોઈ પણ કારણસર બળી ગયેલ છે.

3.૨ ગ્રાહક શ્રી ની રજૂઆત અન્વયે સે.ઝોન પે.વી કચેરીના નાયબ ઇજનેર શ્રી દ્વારા મીટર રીડીંગ કરનાર કર્મચારી તથા સંબંધિત સીનીયર આસી. (બીલીંગ) સાથે થયેલ ચર્ચા અન્વયે મીટર રીડીંગ લેતા સમયે એબનોર્મલ તથા જે તે સમયે ડીસપ્લે ઓફ નો પ્રશ્ન જણાયેલ ન હતો અને 042797 કે.ડબલ્યુ.એચ. નોધવા માં આવેલ હતા જેનો ફોટો પણ રીડીંગ સમયે મીટર રીડરે લીધેલ છે જે આ સાથે સામેલ છે. જે અંગે ગ્રાહક ને રુબરૂ માં માહિતગાર કરેલ છે. વધુ માં જણાવવાનું કે મીટર બદલ્યા પછી એપ્રિલ-મે-22 ના બીલીંગ માં 806 યુનિટ અને જૂન-જુલાઇ-22 ના બીલીંગ માં 907 યુનિટ નો વપરાશ નોંધાયેલ છે.

3.3 આમ ઉપરોક્ત વિગતે મીટર રીડર દ્વારા આપવા માં આવેલ વીજ બીલ તથા મીટર ફોટો કોપી પુરાવા તેમજ લેબ રોજકામ રીપોર્ટ તથા નવા મીટરમાં નોંધાયેલ વપરાશ ધ્યાને લેતા આપેલ વીજ બીલ બરાબર હોય ગ્રાહકે ભરવા પાત્ર થાય છે.

## :: હુકમ ::

૪.૦ અરજ્દારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી નું મીટર તા. ૨૫-૦૪-૨૦૨૨ ના રોજ પ્રફોમા ૧૫ નંબર ૮૮૦૩ થી બદલી આપવા માં આવેલ અને તેજ દીવસે ગ્રાહક શ્રી ના આગ્રહ થી લેબ માં લેબ રોજકામ નંબર ૪૫૮૦ થી કરવામાં આવેલ છે.

૪.૨ મીટર ને લેબ માં તપાસતા મીટર ની આંતરીક વાયરીંગ PC B બળેલ સ્થિતિમાં જોવા મળેલ આમ મીટર બળેલ હોય મીટર નો MRI રીપોર્ટ નીકળી શકે તેમ નથી.

૪.3 અરજદાર શ્રી ની રજૂઆત અન્વયે સે.ઝોન પે.વી કચેરીના નાયબ ઇજનેર શ્રી દ્વારા મીટર રીડીંગ કરનાર કર્મચારી તથા સંબંધિત સીનીયર આસી. (બીલીંગ) સાથે થયેલ ચર્ચા કરવામાં આવેલ તે અન્વયે મીટર રીડીંગ લેતા તે સમયે એબનોર્મલ તથા જે તે સમયે ડીસપ્લે ઓફ નો પ્રશ્ન જણાયેલ ન હતો અને 042797 કે.ડબલ્યુ.એચ. નોધવા માં આવેલ હતા જેનો ફોટો પણ રીડીંગ સમયે મીટર રીડર દ્વારા લેવામાં આવેલ છે. જે અંગે અરજદાર શ્રી ને માહિતગાર કરેલ છે. તેમજ અરજદાર શ્રી નું મીટર બદલ્યા પછી એપ્રિલ-મે-22 ના બીલીંગ માં 806 યુનિટ અને જૂન-જુલાઇ-22 ના બીલીંગ માં 907 યુનિટ નો વપરાશ નોંધાયેલ છે.

૪.૪ ઉપરોક્ત બાબતે ધ્યાને લેતા અરજદાર શ્રી ને જે પેન્ડિંગ યુનિટ નું બિલ આપવામાં આવેલ છે તે સ્લેબ વાઈઝ કરી રિવાઈઝ બિલ આપવું. અને તે બિલ અરજદાર શ્રી એ ભરવાપાત્ર થાય છે.

૪.૫ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧